| | |
|---|---|
| આંક | 32 |
| દાખલ તારીખ | ૨૭/૦૩/૨૦૨૩ |
| રજીસ્ટર તારીખ | ૨૭/૦૩/૨૦૨૩ |
| ફેસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૩ |
| સમયગાળો | વ. , મા. , દિ. |

**FORM - A**

**IN THE COURT OF HON'BLE SPECIAL JUDGE(POCSO),**

**RAJKOT DISTRICT, AT RAJKOT.**

[તા.૩૦/૦૩/૨૦૨૪]

**[પોક્સો કેસ નં.૨૭/૨૦૨૩]**

**(ફરિયાદી/ભોગ બનનારના માતાએ, અજાણ્યા ઇસમ વિરૂદ્ધ તા.૦૨/૦૨/૨૦૨૩ નારોજ આજીડેમ પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૮૦૦૨૨૩ ૦૦૭૪/૨૦૨૩ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩ મુજબના ગુના અંગેની એફ.આઇ.આર. નોંધાવેલ છે)**

| | |
|---|---|
| Complainant | **ગુજરાત રાજય** |
| Represented by | **પી.પી.શ્રી એસ. કે. વોરા** |
| Accused | **કિરણ છગનભાઇ વસાવા,**<br>ઉ.વ.૨૨,<br>રહે.ખરેડી ગામ,<br>મહેશભાઇ પટેલની વાડીમાં,<br>તા.જી.રાજકોટ.<br>મુળ રહે.ગામ–દનાદ્ર, ઇન્દીરાવાસ, નવીનગરી,<br>તા.કપડવંજ, જી.ખેડા. |
| Represented by | **વિ. ચીફ લીગલ એઇડ ડીફેન્સ કાઉન્સીલશ્રી એ. પી. સિપ્પી** |

## FORM - B

| | |
|---|---|
| Date of offence | તા.૨૮/૦૧/૨૦૨૩ |
| Date of FIR | તા.૦૨/૦૨/૨૦૨૩ |
| Date of charge sheet | તા.૨૮/૦૪/૨૦૨૩ |
| Date of Framing of Charges | તા.૨૨/૦૮/૨૦૨૩ |
| Date of commencement of evidence | તા.૨૩/૧૦/૨૦૨૩ |
| Date on which judgment is reserved | તા.૩૦/૦૩/૨૦૨૪ |
| Date of the judgment | તા.૩૦/૦૩/૨૦૨૪ |
| Date of the Sentencing Order, if any | xxx |

## Accused details:

| Rank of the accused | Name of accused | Date of arrest | Date of release on bail | Offences charged with | Whether acquitted or convicted | Sentence imposed | Period of detention during Trail for purpose of section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | કિરણ છગનભાઇ વસાવા, | તારીખઃ- ૮/૨/૨૦૨૩ | તારીખઃ- ૧૩/૧૦/૨૦૨૩ | ઈ.પી.કોડ કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોકસો એકટની કલમ-૪ તથા ૬ | નિર્દોષ ઠરાવી છોડી મુકેલ છે | XX | XX |

## <u>ચુ કા દો</u>

૧) આ કામના આરોપી સામે આંક-૧૦ થી ઈ.પી.કોડ કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન)તથા પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસયુઅલ ઓફેન્સીસ

એકટ, ૨૦૧૨ ની કલમ : ૪ તથા ૬ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે.

૨) આ કામના ફરિયાદી/ભોગ બનનારની માતાએ પોતાની સગીર વયની એટલે કે, ૧૭ વર્ષની ઉંમરની દિકરીને, કોઈ અજાણ્યો ઈસમ લલચાવી ફોસલાવી તેણીનું અપહરણ કરી લઈ ગયેલ હોવાની ફરિયાદ આજીડેમ પો.સ્ટે.માં નોંધાવેલ.

૩) આ કામના ફરિયાદીએ, પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પી.એસ.ઓ.શ્રીએ તે અંગેની જરુરી નોંધ કરેલ. ત્યારબાદ આ ફરિયાદની આગળની તપાસના કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, ભોગ બનનાર મળી આવતા તેણીનું નિવેદન નોંધેલ, ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર મેળવેલ, આરોપીને અટક પંચનામાની વિગતે અટક કરેલ તેમજ આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબ્જે કરેલ, ભોગ બનનારે બનાવ સમયે પહેરેલ કપડા પંચનામાની વિગતે કબ્જે લીધેલ, પંચો રુબરુ સ્થાનીક જગ્યાનું પંચનામુ કરેલ, આરોપી તથા ભોગ બનનારની તબીબી તપાસ કરાવડાવેલ, મેડીકલ સર્ટીફીકેટો મેળવેલ, મુદામાલ પૃથ્થકરણ અર્થે એફ. એસ.એલ.માં મોકલાવેલ તથા આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતા સ્પેશિયલ જજ(પોકસો)ની અદાલતમાં ઈ.પી.કોડ કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ,૨૦૧૨ ની કલમ– ૪ તથા ૬ મુજબના ગુન્હા અંગેનું હાલનું ચાર્જશીટ દાખલ કરેલ.

૪) આરોપી સામે પોકસો એકટ અન્વયેનું ચાર્જશીટ ફાઈલ થયેલ હોય, સદરહુ ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા એકમાત્ર સ્પે. (પોકસો)

કોર્ટને હોય, આ કામની ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલતમાં હાથ ધરવામાં આવેલ છે.

૫) આ કામે આરોપીને અત્રેની કોર્ટ સમક્ષ હાજર રખાવતા, તેઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી, તેઓ સ્વખર્ચે વકીલ રોકવા માંગે છે કે સરકારી વકીલની જરૂર છે? તે અંગે પુચ્છા કર્યા બાદ, આંક–૧૦ થી આરોપી વિરુઘ્ધ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે તથા આંક–૧૧ થી આરોપીનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ગુન્હો કબૂલ કરેલ ન હોય, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૬) આરોપી વિરૂદ્ધના આક્ષેપો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છેઃ

**FORM - C**

**LIST OF PROSECUTION/DEFENCE COURT WITNESSES**

**A. Prosecution :**

| Rank | Name | Nature of evidence<br>( eye witness, police witness, expert witness, medical witness, panch witness, other witness ) |
|---|---|---|
| ફ.સા.૧ | ભોગ બનનારના માતા | ફરિયાદી |
| ફ.સા.૨ | ભોગ બનનાર | ભોગ બનનાર |
| ફ.સા.૩ | ભોગ બનનારના પિતા | ભોગ બનનારના પિતા |
| ફ.સા.૪ | ડો.યાસ્મીન આરીફભાઈ બાવાણી | મેડીકલ ઓફીસર |

## LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS

### A. Prosecution :

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| ૦૧ | આંક–૧૯, ફ.સા.૧ | ફરિયાદ |
| ૦૨ | આંક–૨૦, ફ.સા.૧ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર |
| ૦૩ | આંક–૨૨, ફ.સા.૨ | ભોગ બનનારનું કલમ–૧૬૪ નું નિવેદન |
| ૦૪ | આંક–૨૯, ફ.સા.૪ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૦૫ | આંક–૩૦, ફ.સા.૪ | ભોગ બનનાર નું મેડીકલ સર્ટીફીકેટ |

૭) ફરિયાદ પક્ષ તરફે વધુ પુરાવો ન આપવા માંગતા હોવા અંગેની પુરસીસ **આંક–૩૧** થી રજૂ કરવામાં આવેલી છે. ફરિયાદ પક્ષનો પુરાવો નોંધી લીધા બાદ આરોપીનો ક્રિ. પ્રો. કોડ કલમ : ૩૧૩ મુજબ વધારાનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ પોતાની વિરુધ્ધ રજૂ થયેલ પુરાવાની હકીકતો કબૂલ રાખેલી નથી. આરોપીએ સોગંદપર પુરાવો આપવા માંગતા નહિં હોવાનું તથા બચાવના સાહેદો તપાસવા માંગતા નહિં હોવાનું પોતાના વિશેષ જવાબમાં જણાવેલ છે તથા પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

૮) આ કામે સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રી એસ. કે. વોરાની તથા આરોપી તરફે વિ.ચીફ લીગલ એઇડ ડીફેન્સ કાઉન્સીલશ્રી એ. પી. સિપ્પીની મૌખિક રજુઆતો ધ્યાને લીધી.

૯) આ કામે બંને પક્ષની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાનમાં લઈ, કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે ::

## :: મુ દ્દા ::

::૧:: શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી ની સગીરવયની એટલે કે, ૧૬ વર્ષ–૦૬ માસની ઉંમરની દિકરીને આરોપી તા.૨૮/૦૧/૨૦૨૩ નારોજ કલાક ૫–૦૦ વાગ્યાના અસામાં આજીડેમ ચોકડી, માંડા ડુંગર, રઘુનંદન સોસાયટી, રાજકોટ પાસેથી લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી અપહરણ કરી, પોતાની સાથે લઇ જઇ, વાડીમાં રાખી, ખેતરમાં અવાવરુ જગ્યાએ તેણી સાથે અનેક વખત બળાત્કારી શારીરિક સંબંધ બાંધી, સગીરા સાથે દુષ્કર્મ આચરેલ હોય, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) મુજબનો સજાપાત્ર ગુન્હો કર્યો છે ?

::૨:: શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ, આ કામની ભોગ બનનાર કે જે ૧૮ વર્ષથી નીચેની વયની સગીર હતી, તેણી સાથે તેણીની મરજી વિરુધ્ધ એકથી વધુ વખત બળાત્કારી શારીરિક સંબંધ બાંધી, દુષ્કર્મ કરી, ગંભીર પ્રવેશ જાતિય હુમલો કરેલ હોય, આરોપીએ જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ ની કલમ : ૪ તથા ૬ મુજબનો સજાપાત્ર ગુન્હો કર્યો છે ?

::૩:: શું હુકમ ?

૧૦) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે ::

**:૧: નકારમાં**

**:૨: નકારમાં**

**:૩: આખરી હુકમ મુજબ.**

## :: કા ર ણો ::

૧૧) આ કામે રજૂ થયેલ પુરાવાઓ તથા ઉભયપક્ષ તરફેની દલીલોની છણાવટ કરતા પહેલાં એ ચર્ચા કરવી જરૂરી છે કે, હાલના આરોપી સામે સગીરવયના ભોગ બનનારનું, ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી તેણીનું અપહરણ કરી લઈ જવાનો તેમજ ભોગ બનનાર સાથે બળાત્કારી શરીર સંબંધ બાંધેલ હોવાનો આક્ષેપ છે. સગીર બાળાનું તેણીના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ જવાના કિસ્સામાં તથા બળાત્કાર–સંભોગના કિસ્સામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ તેમજ, અન્ય નામદાર હાઈકોર્ટ તથા નામદાર ભારતીય સર્વોચ્ચ અદાલતે આપેલ ચૂકાદાઓમાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં રાખવાનું હું યોગ્ય માનું છું, જે નીચે મુજબ છેઃ:

:૧: સગીરની સંમતિ હોય તે અગત્યનું નથી પરંતુ, તેને તેના વાલીના વાલીપણામાંથી ખસેડી જવાનું કૃત્ય જાતે જ ગુન્હો બને છે. જો આવી સગીર યુવતી હોય અને પોતાની ઈચ્છાથી આરોપી સાથે ચાલી નીકળેલી હતી, તેવું આરોપીનું કહેવું હોય તો તે વાજબી બચાવ નથી. તેણીની આ અવસ્થામાં આરોપી સાથે હતી તે જ આરોપી દ્વારા તેણીને લલચાવી કે લોભાવી કે લાલચ કે ધમકી આપીને અપહરણ કરીને લઈ ગયેલ હોવાનું સાબિત કરે છે.

:૨: ભોગ બનનારને બળજબરીપૂર્વક ધમકી આપીને લઈ જવામાં આવેલ હતી અને સતત દબાણ નીચે રાખવામાં આવેલ હતી એવું સાબિત કરવામાં ન આવે તો આરોપીને ઈ.પી.કોડ કલમ : ૩૬૩, ૩૬૬ ના

ગુન્હા માટે તકસીરવાન ઠરાવી શકાય નહિ.

:૩: ભોગ બનનાર ૧૮ વર્ષથી નીચેની ઉંમરની હોવાનું સાબિત કરવામાં ન આવે અને બનાવમાં તેણી પોતાની સંમતિથી આરોપી સાથે ગયેલી તેવું નીકળી આવતું હોય તો આરોપીને તેના તહોમત માટે સજા કરી શકાય નહિ.

**<u>મુદા નં.૧ તથા ૨ ::</u>**

૧૨) આ કામના આરોપી પર ઈ.પી.કોડ કલમ : ૩૬૩ અન્વયેનું તહોમત મૂકવામાં આવેલ છે અને તેથી હાલનો મુદ્દો ઉપસ્થિત થયેલ છે કે શું ફરિયાદ પક્ષ પુરાવાથી એવું સાબિત કરે છે કે, આ બનાવની ભોગ બનનાર બનાવ તા.૨૮-૧-૨૦૨૩ નારોજ સગીરવયની હતી? આ સગીર અવસ્થા નકકી કરવા માટે ઈ.પી.કોડ કલમઃ૩૬૧ ની જોગવાઈ અનુસરવાની રહે છે, જે મુજબ જો બનાવનો ભોગ બનનાર પુરુષ હોય અને તે ૧૬ વર્ષથી નીચેની વયનો હોય અને સ્ત્રી હોય તો ૧૮ વર્ષથી નીચેની વયની હોય તેવુ સાબિત કરવાનું રહે છે.

હાલના કિસ્સામાં ફરિયાદપક્ષ તરફે ભોગ બનનારની ઉંમર બાબતે રજુ થયેલ પુરાવો જોવામાં આવે તો, ફરિયાદી કે જેઓ ભોગ બનનારના માતા છે તેઓએ પોતાની આંક-૧૮ ની જુબાનીમાં પોતાની દિકરી/ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર આંક-૨૦ થી રજૂ રાખેલ છે, જેમાં ભોગ બનનારની જન્મ તા.૧/૮/૨૦૦૬ દર્શાવેલ છે. વધુમાં ફરિયાદીએ પોતાની આંક-૧૮ ની જુબાનીમાં પોતાની દિકરીની જન્મ તા.૧/૮/૨૦૦૬ હોવાનો પુરાવો આપેલ છે. આમ, આંક-૨૦ થી રજૂ ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર ભોગ બનનારના માતાની કસ્ટડીમાંથી એટલેકે પ્રોપર કસ્ટડીમાંથી રજૂ થયેલ છે, સદર દસ્તાવેજ સરકારી રેકર્ડ છે

તેમજ સદરહુ દસ્તાવેજમાં દર્શાવેલ ભોગ બનનારની જન્મ તારીખને ભોગ બનનારની માતાની જુબાનીથી સમર્થન મળે છે ત્યારે સદરહું દસ્તાવેજને ન માનવાને કોઈ કારણ નથી. જેથી ભોગ બનનારની જન્મ તા.૧/૮/૨૦૦૬ હોવાનું માનવામાં આવે છે. આ કામે કહેવાતો બનાવ તા.૨૮/૧/૨૦૨૩ નારોજ બનેલ છે, **જેથી બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ – ૦૬ માસની હોવાનું જણાય છે અને તે રીતે ભોગ બનનાર સગીરવયના હોવાનું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેવા નિર્ણય ઉપર આવુ છું.**

૧૩) આ કામના આરોપી પર ઈ.પી.કોડ કલમ : ૩૬૩ નું તહોમત મૂકવામાં આવેલ છે. ઈ.પી. કોડ કલમ : ૩૬૩ નું તહોમત લાગુ પાડવા માટેની એ પૂર્વશરત છે કે, ભોગ બનનાર વ્યકિત બનાવ તારીખે સગીરવયની હોવાનું સાબિત કરવામાં આવે. જે હકીકત અહીં ફરિયાદ પક્ષ દ્વારા સાબિત કરવામાં આવેલ છે.

કાયદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોનુસાર ઈ.પી.કોડ કલમ : ૩૬૩ ના બનાવની ભોગ બનનાર સગીર યુવતીની બનાવમાં સંમતિ હતી તે બાબત અગત્યની નથી પરંતુ, તેણીનું, તેના વાલીના વાલીપણામાંથી ખસેડી જવાનું તહોમતદારનું કૃત્ય જાતે ગુન્હો બને છે. જો કોઈ સગીર વયની યુવતી હોય અને પોતાની ઈચ્છાથી આરોપી સાથે ચાલી નીકળેલ હોય તો તે વાજબી બચાવ નથી. આ અવસ્થામાં તેણી આરોપી સાથે હતી, તે જ આરોપી દ્વારા તેણીને લલચાવી–લોભાવી કે લાલચ–ધમકી આપીને અપહરણ કરી, લઈ ગયેલ હોવાનું સાબિત કરે છે પરંતુ, સદરહુ કાયદા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો હાલના કિસ્સામાં લાગુ પાડી શકાય તેમ નથી કારણકે, હાલની ભોગ બનનારે પોતાના સમગ્ર મૌખિક પુરાવા દરમ્યાન તેણી બનાવના અરસામાં આરોપી સાથે હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી અને તેથી મારી દ્દષ્ટિએ ફરિયાદ પક્ષ, આરોપી ઉપર

મુકવામાં આવેલ ઈ.પી.કોડ કલમ : ૩૬૩ મુજબનું તહોમત સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે.

૧૪) ઈ.પી. કોડ કલમ : ૩૬૬ ના તહોમતને સબંધ છે ત્યાં સુધી આ તહોમતની સાબિતી માટે થઈને પ્રથમ એવુ દર્શાવવાનું રહે છે કે, આરોપી દ્વારા ભોગ બનનારને આ બનાવમાં લલચાવી–ફોસલાવી અને લગ્ન કરવાના ઈરાદે કે લગ્ન બાહ્ય સંભોગ કરવાના ઈરાદે કે વ્યાભિચાર કરવાના ઈરાદે ખોટું નિરુપણ કરીને ભગાડી જવામાં આવેલ હતી અને તો જ ઈ.પી.કોડ કલમ : ૩૬૬ નું તહોમત સાબિત માની શકાય. આ તહોમતની સાબિતી માટેના તત્વો નીચે મુજબ છે ::

(૧) ભોગ બનનારનું આરોપીએ અપહરણ કે અપનયન કરેલ હતુ,

(૨) આવું અપહરણ કે અપનયન

(૩) (અ) તેને કોઈ પણ વ્યકિત સાથે અનિચ્છાએ લગ્ન કરવાની ફરજ પાડવાના ઈરાદે કે એવી ફરજ પડાશે તેવી સંભાવનાની જાણ અથવા

(બ) એને વ્યાભિચાર કરવાની ફરજ પડશે કે પડાશે અથવા

(ક) તેણીને બીજી વ્યકિત સાથે વ્યાભિચાર કરવાની ફરજ પડે કે ફોસલાવી શકાય તેવા ઈરાદે કે એવી સંભાવનાની જાણ ગુન્હાહિત ધમકીથી કે બીજી કોઈ રીતે કરવામાં આવેલ હોવું જોઈએ.

આ હકીકતની સાબિતિ માટે થઈને શું પૂરાવો રજૂ કરવો તે જોઈએ તો તેમાં જો ભોગ બનનારની ઉંમર ૧૮ વર્ષ કે તેની ઉપરની હોય તો તેનું અપનયન જ થઈ શકે પરંતુ, તે ૧૮ વર્ષથી નીચેની વયની હોય તો તેનું અપહરણ અને અપનયન બન્ને થઈ શકે. જો તેને બળ કે કપટથી લઈ જવામાં આવેલ હોવાનું સાબિત કરવામાં આવે તો તહોમતની સાબિતિ માટે થઈને પણ ભોગ બનનાર સ્ત્રીનો ઈરાદો કે ઈચ્છા કે વર્તણુંક અગત્યના

નથી. આરોપીનો ગુન્હો કરવાનો ઈરાદો જ માત્ર મહત્વનો છે અને તેથી વધુ આ બનાવમાં પણ લોભ–લાલચ–કપટ કે બળથી ભોગ બનનારની સંમતિ લેવામાં આવેલ હોય તો પણ તે કશું મહત્વ ધરાવતી નથી. તેવી સ્થિતિમાં આરોપીએ તેણીનું અપહરણ કરેલ હોવાનું અને તે ઉપરોકત તત્વોના અનુસંધાને કરવામાં આવેલ હોવાનું સાબિત કરવુ જરુરી છે.

૧૫) અલબત, નામદાર ભારતીય સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ ભોગ બનનાર અઢાર વર્ષથી ઓછી ઉંમરની હોય તો તેણીને બળજબરીપૂર્વક ધમકી આપીને લઈ જવામાં આવેલ હોવાનું અને સતત દબાણ નીચે રાખવામાં આવેલ હોવાનું સાબિત કરવું જરુરી છે. જો તેવું સાબિત કરવામાં ન આવે તો ઈ.પી.કોડ કલમ : ૩૬૬ નું તહોમત ટકી શકે નહિ. તે જ રીતે, બનાવમાં ૧૮ વર્ષથી નીચેની ઉંમરની ભોગ બનનાર હોવાનુ સાબિત કરવામાં ન આવે અને ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરની ભોગ બનનાર હોય અને બનાવમાં તેની સંમતિ હોય તેવું સાબિત થયેલ હોય તો કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી પર મુકવામાં આવેલ તહોમત ટકી શકે નહિ.

૧૬) ઉપરોકત તમામ કાનૂની જરુરીયાતો ધ્યાનમાં રાખવામાં આવે તો ઉપરોકત જે તત્વો દર્શાવવામાં આવેલ છે તેના અનુસંધાને ભોગ બનનારનો મૌખિક પુરાવો વંચાણે લેવો જરુરી બની રહે છે.

ભોગ બનનારે પોતાના **આંક–૨૧** ના મૌખિક પુરાવાની સરતપાસના પારા–૧ માં સ્પષ્ટપણે જણાવે છે કે,

**"આરોપી મને લલચાવી, ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી ગયો હોય તેવું બનેલ નથી. હુ આરોપી સાથે કયાંય ગયેલ નથી. આરોપીને હુ જોયે ઓળખતી નથી. હુ ઘરે હાજર ન મળી આવતા મારા માતા**

**પો.સ્ટે. ગયેલા ત્યાં તેમણે પોલીસને શું લખાવેલ તેની મને ખબર નથી. મે કોઇ હકીકત કોઇને જણાવેલ નથી. "**

**જોકે,** ભોગ બનનારે સરતપાસના પેરા–૧ માં એવો પુરાવો આપેલ છે કે, મને જજસાહેબ રૂબરૂ નિવેદન આપવા માટે લઇ ગયેલ અને ક્રી. પ્રો. કોડ કલમ–૧૬૪ ના નિવેદનમાં તેણીએ પોતાની સહી પણ ઓળખી બતાવેલ છે, જેથી સદર નિવેદન આંક–૨૨ થી રજૂ કરવામાં આવેલ છે પણ તેણીએ એવો સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, **"જજસાહેબ રૂબરૂ મે શું લખાવેલ તેની મને ખબર નથી."**

આમ, ભોગ બનનારે પોતાની સરતપાસમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય, એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ, ઉલટતપાસમાંથી પણ ફરિયાદ પક્ષના કેસને કોઇ સમર્થનકારી હકીકત મળી આવેલ નથી.

બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં ભોગ બનનારે એવું કબુલ રાખેલ છે કે,

**"એ વાત ખરી છે કે, મને મારા માતાએ કામ બાબતે ઠપકો આપતા હુ રીસાઇ ગયેલી અને ઘરેથી કોઇને કહ્યા વગર જતી રહેલી. એ વાત ખરી છે કે, મને કોઇ લલચાવી, ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસે ફકત મારૂ નામ, સરનામુ પુછેલ આ સિવાય મને કાઇ પુછેલ નહિ અને મે કોઇ હકીકત લખાવેલ નહી. મે જજસાહેબને શું લખાવેલુ તે મને ખબર નથી મે ફકત સહી કરી આપેલ હતી."**

જયારે **ભોગ બનનારના માતા/ફરીયાદીએ પોતાની આંક–૧૮** ની જુબાનીમાં સરતપાસના પેરા–૧ માં એવો પુરાવો આપેલ છે કે,

**"તા.૨૮/૧/૨૦૨૩ નારોજ મારી ભોગ બનનાર દિકરી સવારના**

**સમયે ઘરમાં મળી આવેલ ન હતી, તેથી મે બે દિવસ મારા પતિ સાથે તેણીની શોધખોળ કરેલી હતી પરંતુ, તે મળી આવેલ ન હોવાથી મે મારી દિકરીને શોધી આપવા માટે પોલીસમાં આરજી આપેલ."**

જોકે, ફરિયાદીએ આંક–૧૯ વાળી ફરિયાદમાં પોતાના અંગુઠાનું નિશાન ઓળખી બતાવેલ છે પરંતુ, એવો સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, મે પોલીસમાં આપેલ તે ફરિયાદ ન હતી પરંતુ, અરજી હતી.

ફરિયાદીએ સરતપાસના પેરા–૨ માં એવો પુરાવો આપેલ છે કે, મારી ભોગ બનનાર દિકરી ત્રણ–ચાર દિવસ પછી મળી ગયેલ હતી તે સમયે પોલીસે મારૂ કોઈ નિવેદન નોંધેલ ન હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારી દિકરી મળી જતા પોલીસે મને જાણ કરેલ, તેથી હુ તેણીને લેવા માટે પો.સ્ટે. ગયેલ.

આમ, ફરિયાદીએ પણ પોતાની સરતપાસમાં ફરિયાદ પક્ષના કેસને સમર્થન કરેલ ન હોય એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલ છે અને તેઓની વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ, તેઓની ઉલટતપાસમાંથી પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત મળી આવતી નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ એવો પુરાવો આપેલ છે કે,

**"એ વાત ખરી છે કે, મારી દિકરીને ઘરકામ બાબતે ઠપકો આપતા તેણી કોઈને કહ્યા વગર ઘરેથી જતી રહેલ હતી. એ વાત ખરી છે કે, મારી દિકરીએ પરત આવીને મને જણાવેલ હતુ કે, તેણી પોતાની બહેનપણીના ઘરે જતી રહેલ હતી. એ વાત ખરી છે કે, કીરણ સાથે તેણી ભાગી ગયેલ હોવાનું જણાવેલ ન હતુ.**

જયારે ભોગ બનનારના પિતાએ પોતાની આંક–૨૪ ની જુબાનીમાં સરતપાસના પેરા–૧ માં એવો પુરાવો આપેલ છે કે,

**"બનાવ કાઈં બનેલો નથી. છોકરીને ડારો દેતા તે વઈ ગઈ. આરોપી તેને લલચાવી, ફોસલાવીને ભગાડી ગયેલ હોય અને તેની સાથે બળાત્કાર કરેલ હોય તેવું બનેલ નથી. મારી ભોગ બનનાર દિકરીએ અમોને કોઈ હકીકત જણાવેલ નથી."**

આમ, આ ત્રણેય સાહેદો, ભોગ બનનાર તેમજ તેણીના માતા/ ફરિયાદી તથા તેણીના પિતાની સમગ્ર જુબાની જોવામાં આવે તો, ત્રણેય સાહેદોએ આ કામના આરોપી, ભોગ બનનારને લલચાવી, ફોસલાવી, તેનું તેણીના કાયદેસરના વાલીના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ, તેણી સાથે બળાત્કારે શરીર સંબંધ બાંધેલ હોવાનું બનેલ નહિં હોવાનો પુરાવો આપેલ છે. ભોગ બનનારે પોતાની જુબાનીમાં પોલીસ નિવેદનને, કલમ–૧૬૪ ના નિવેદનને અને કેસ હીસ્ટ્રીને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ પોતે માતાએ ઠપકો આપેલ હોય રીસાઈને ઘરેથી જતી રહેલ હોય, માતાએ ફરિયાદ આપેલ હોવાનું જણાવેલ છે. ભોગ બનનારના માતાએ પણ પોતાની ફરિયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ પોતાની દિકરીએ તેણીને કોઈ જ વાત નથી કરી તેવો પુરાવો આપેલ છે અને માત્ર દિકરી મળી આવતી ન હોય, પોલીસમાં અરજી કરેલ હોવાનું જણાવેલ છે. આમ, કાયદામાં પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ જો ભોગ બનનારને આરોપી દ્વારા બળજબરીપૂર્વક ધમકી આપીને લઈ જવામાં આવેલ હોવાનું અને સતત દબાણ નીચે રાખવામાં આવેલ હોવાનું નિ:શંકપણે સાબિત કરવામાં આવે તો જ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૬૬ મુજબનો ગુન્હો પૂરવાર થઈ શકે પરંતુ, આ કામે ભોગ બનનારે અદાલત સમક્ષના પોતાના મૌખિક પુરાવામાં આવી કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય ત્યારે આરોપીએ, તેણીને બળજબરીથી,

છેતરપીંડીથી, કપટથી, ખોટી હકીકતો જણાવી, ધમકી આપેલ હોય અગર તો કોઈ લાલચ આપેલ હોય અને તે કારણસર તેણી આરોપી સાથે ગયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર ઉપસ્થિત થતી નથી. આમ, ભોગ બનનારના મૌખિક પુરાવા થકી સદરહુ જોગવાઈના જરુરી તત્વો અને જરુરીયાતો સંતોષાતા નથી. જોકે, ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હોવાનું ફરિયાદ પક્ષ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે પરંતુ, ભોગ બનનાર અને તેણીના માતા–પિતાના પુરાવામાં આવેલી તમામ હકીકતો ધ્યાનમાં રાખવામાં આવે તો આરોપીએ, ભોગ બનનારનું અપહરણ કરેલ હોય અને તેમ કરવા માટે થઈને લોભ–લાલચ કે બળજબરી કરેલ હોય કે ધાક–ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત તેણીના પુરાવામાંથી નીકળી આવતી નથી. **આમ, મારી દષ્ટિએ ફરિયાદ પક્ષ, આરોપી પર મુકવામાં આવેલ ઈ.પી.કોડ કલમ : ૩૬૬ નું તહોમત સાબિત કરવામાં સફળ થયેલ નથી.**

૧૭) જયાંસુધી આરોપી નં.૧ ઉપર મૂકવામાં આવેલ ઈ.પી.કોડ કલમ : ૩૭૬ તથા પોકસો એકટની કલમ–૪ તથા ૬ મુજબના તહોમતને સબંધ છે ત્યાંસુધી ફરિયાદ પક્ષનું એવું કહેવું છે કે, આરોપી દ્વારા આ બનાવના ભોગ બનનારનું અપહરણ કરીને લઈ ગયા બાદ, વાડીમાં તેણી સાથે અનેક વખત બળાત્કારે શરીર સંબંધ બાંધેલ.

**કલમ : ૩૭૬ ના આવશ્યક તત્વો ::**

(૧) આરોપીએ કોઈ સ્ત્રી સાથે શારીરિક સંભોગ કર્યો,

(૨) આ શારીરિક સંભોગ કલમ : ૩૭૫ માં દર્શાવેલા છ પૈકી કોઈ એક કે વધારે સંજોગોમાં કર્યો,

(૩) આરોપીએ બાર વર્ષથી ઓછી વય ધરાવતી પોતાની પત્ની સાથે સંભોગ કર્યો કે અન્ય સ્ત્રી સાથે કર્યો,

(૪) સજાના મોટા સ્વરુપની દ્રષ્ટિએ જોવામાં આવે તો આરોપી એ જાહેર નોકર તરીકે વગેરે આ કલમની પેટા–કલમ (ર) ના ખંડ ક, ખ, ગ, ઘ મુજબ બળાત્કાર કર્યો,

(૫) ગર્ભવતી સ્ત્રી હોવાની જાણ હોવા છતાં તેવી ગર્ભવતી સ્ત્રી પર બળાત્કાર કર્યો,

(૬) આરોપીએ સામુહિક બળાત્કાર કર્યો, જે સમુહનો સામાન્ય ઈરાદો બળાત્કાર કરવાનો હતો તથા તે પાર પાડવા માટે બળાત્કાર થયો અને તે સમુહના આરોપી એક સભ્ય હતા.

૧૮) કાયદાની ઉપરોકત જોગવાઈ ઘ્યાને લેતાં કલમ : ૩૭૬ મુજબનો ગુન્હો બનવા પાછળનું પ્રથમ આવશ્યક તત્વ તે આરોપીએ કોઈ સ્ત્રી સાથે શારીરિક સંભોગ કર્યો હોય તે આ શારીરિક સંભોગ ઈ.પી.કો. કલમઃ ૩૭૫ માં દર્શાવેલા છ પૈકી કોઈ એક કે વધારે સંજોગોમાં કર્યો હોય.

૧૯) આ કામના આરોપીએ, ભોગ બનનાર સાથે શારીરિક સંભોગ કરેલ કે કેમ? તેની સાબિતિ માટે થઈને ભોગ બનનારનો પુરાવો ઘ્યાનમાં રાખવામાં આવે તો, તેણીએ પોતાની **આંક–૨૧** ની જુબાનીના સરતપાસના પેરા–૧ માં એવો સ્પષ્ટ પુરાવો આપેલ છે કે,

**"આરોપી મને અપહરણ કરી તેની સાથે લઈ જઈ વાડીમાં રાખી ખેતરમાં અવાવરુ જગ્યાએ અવાર–નવાર શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. આરોપીએ મારી પર કોઈવાર બળાત્કાર કરેલ હોય તેવું બનેલ નથી. આરોપીને હુ જોયે ઓળખતી નથી. "**

**ભોગ બનનારે પોતાની જુબાનીમાં મેડીકલ કેસ હીસ્ટ્રીને, પોલીસ નિવેદનને તેમજ કલમ–૧૬૪ ના નિવેદનને સમર્થન કરેલ નથી.**

વધુમાં, તેણીએ બચાવપક્ષની ઉલટતપાસમાં એવો પુરાવો આપેલ છે કે,

**“એ વાત ખરી છે કે, મારી સાથે કોઇએ બળજબરીથી કે મારી મરજીથી શરીર સંબંધ બાંધેલ હોય તેવું બનેલ નથી. "**

૨૦) આમ, ઉપરોકત તમામ પુરાવાનું એકીસાથે પુરાવાકીય મૂલ્યાંકન કરવામાં આવે તો, ભોગ બનનારનો મૌખિક પુરાવો ધ્યાને લેતાં, આરોપી, તેણી જયારે સગીરવયની હતી ત્યારે તેણીને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે તેણીનું અપહરણ કરી લઇ ગયેલ હોય અને તેની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમાં ભોગ બનનારે પોતાના પુરાવામાં પોતાના પોલીસ સમક્ષના નિવેદનને તેમજ મેડીકલ ઓફીસરશ્રી સમક્ષ આપેલ કેસ હીસ્ટ્રીને તેમજ ક્રી. પ્રો. કોડ કલમ–૧૬૪ અન્વયેના નિવેદનને સમર્થન કરેલ નથી. આમ, ભોગ બનનાર અને તેના માતા–પિતાનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીએ, ભોગ બનનાર જયારે સગીરવયની હતી ત્યારે તેણીને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદે તેણીનું અપહરણ કરી લઇ ગયેલ હોય અને તેણી સાથે શરીર સંબંધ બાંધેલ હોય તેવુ પુરવાર થતુ જણાઈ આવતુ નથી.

૨૧) બળાત્કારનું કૃત્ય ધણું જ ખરાબ કૃત્ય છે. બળાત્કારનો ભોગ બનનાર સ્ત્રીની જુબાની ઈજા પામનાર વ્યકિતના પુરાવા કરતા પણ વધુ મહત્વ ધરાવે છે. જુદા–જુદા ચૂકાદાઓમાં નામદાર ભારતીય સર્વોચ્ચ અદાલત તથા નામ. હાઈકોર્ટસ દ્વારા ઠરાવ્યા મુજબ બળાત્કાર–સંભોગના બનાવની ભોગ બનનારની જુબાનીને સમર્થન મળવું જ જોઇએ તેવો કાયદાનો કોઈ

ચુસ્ત નિયમ નથી પરંતુ, એ સલાહભર્યુ છે કે આવી ભોગ બનનાર સ્ત્રી, આરોપીને ખોટી રીતે સંડોવતી નથી એટલો સંતોષ થવા માટે કંઈક પુષ્ટિ મળે તે પણ એક ડહાપણનો નિયમ છે. વધુમાં ઠરાવ્યુ છે કે, આવી ભોગ બનનાર સ્ત્રીની જુબાની આધારભૂત અને વિશ્વસનીય હોય તો મેડીકલ પુરાવાના સમર્થનની જરુર રહેતી નથી. ટૂંકમાં બળાત્કાર થયેલ છે કે કેમ, તેની સાબિતિ માટે થઈને ભોગ બનનાર સ્ત્રીનો પુરાવો પૂરતો છે, માત્ર તેના પુરાવાની છણાવટ કરતી વખતે કોર્ટે એટલી તકેદારી રાખવાની રહે છે કે કોઈ અદાવતના કારણસર આવી સ્ત્રી, આરોપીને ખોટી રીતે સંડોવતી નથી ને ? અહીં, **ભોગ બનનારે પોતાની જુબાનીમાં આરોપી તેણીને લલચાવી, ફોસલાવી અપહરણ કરી લઇ ગયેલ નથી કે તેની સાથે મરજીથી કે મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધેલ નથી તેવું સ્પષ્ટ જણાવેલ છે, તેથી આરોપી પર ઈ.પી.કોડ કલમ : ૩૭૬(૨)એન તથા પોકસો એકટની કલમ–૪ તથા ૬ નું તહોમત મૂકવામાં આવેલ છે તેટલા કારણ માત્ર પર આધાર રાખી, આરોપીએ, ભોગ બનનાર સાથે બળાત્કાર–સંભોગ/ગંભિર પ્રવેશ જાતિય હુમલો કરેલ છે તેવું માની શકાય નહિ.** અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો આ કામે રજૂ કરવામાં આવેલ નથી. અન્ય કોઈ બનાવ નજરે જોનાર સાહેદ નથી. તેથી ફરિયાદ પક્ષે મારી દ્રષ્ટિએ આરોપી પર મૂકવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ : ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા જાતિય ગુન્હાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ–૨૦૧૨ ની કલમ : ૪ તથા ૬ નું તહોમત સાબિત કરવામાં સફળ થયેલ નથી. આમ, ઉપરોકત કરવામાં આવેલ તમામ ચર્ચાને ધ્યાને લઈ, **મુદા નં.૧ તથા ૨** નો નિર્ણય તે મુજબ "**નકારમાં**" આપેલ છે.

**<u>મુદા નં.૩ ::</u>**

૨૨) આમ, ઉપરોકત સમગ્ર ચર્ચા તેમજ મુદા નં.૧ અને ૨ ના નિર્ણયોને ધ્યાનમાં લઈ, આ કેસની તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઈ, **મુદા નં.૩**

અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) **આજીડેમ પો.સ્ટે.ગુ.રજી.નં.૧૧૨૦૮૦૦૨૨૩ ૦૦૭૪/૨૦૨૩** ના કામના **આરોપી કિરણ છગનભાઇ વસાવા રહે.ગામ–ખરેડી, તા.જી.રાજકોટનાઓને** તેઓ વિરુધ્ધના **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન ફ્રોમ સેકસયુઅલ ઓફેન્સીસ એકટ, ૨૦૧૨ ની કલમ : ૪ તથા ૬** મુજબના ગુન્હામાંથી ક્રિ.પ્રો.કોડ કલમ:૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સી.આર.પી.સી. કલમ : ૪૩૭ (એ) ની જોગવાઈ મુજબ નામદાર હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો હાજર રહેવા સંબંધે હુકમની તારીખથી દિન–૩ (ત્રણ) માં આરોપીએ રુ.૫૦૦૦–૦૦ (અંકે પાંચ હજાર પૂરા) ના જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

(૩) આરોપી જામીન પર મુકત છે, જેથી તેઓના જામીનખત તથા જાતમુચરકા રદ ગણવા.

(૪) બિનકીમતી મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો. જયારે મુદ્દામાલ મોટર સાયકલ પરત કરવા સંબંધે જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો કોઈ હુકમ થયેલ ન હોય તો, મુદ્દામાલ વાહનના માલીક સંબંધેની ખરાઈ કરી, અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલ વાહન જે–તે માલીકને પરત સોંપી આપવુ.

આ હુકમ આજ **તા.૩૦મી, માહે–માર્ચ, સને–૨૦૨૪** નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

રાજકોટ
તા.૩૦–૦૩–૨૦૨૪

**(જગદીશકુમાર ડાહ્યાભાઈ સુથાર)**
સ્પેશિયલ જજ(પોકસો)
રાજકોટ
**કોડ નં.જીજે ૦૦૫૪૬**